| | |
|---|---|
| રજૂ તારીખઃ | ૦૩/૦૯/૨૦૨૨ |
| દાખલ તારીખઃ | ૦૩/૦૯/૨૦૨૨ |
| ફેંસલ તારીખઃ | ૨૧/૦૮/૨૦૨૫ |
| સમયગાળો : | વર્ષ: ૦૨ માસ: ૧૧ દિન:૧૮ |

## મે. મજુર અદાલત, સુરત ખાતેના ધ પેમેન્ટ ઓફ વેજીસ ઓથોરીટી

**શ્રી એચ.કે.મેરીયા સાહેબ**

**પે.વે.અરજી નં.૧૪૪/૨૦૨૨**

**આંક : ૧૦**

**અરજદાર :** **રાહુલ પ્રકાશ પાટીલ,** ઉ.આ.વ.૩૧
રહે. યુ–૨૪, પેરીસ પ્લાઝા કોમ્પલેક્ષ, એમ.જી.રોડ નં.૯,
ઉધોગનગર, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

**: વિરૂધ્ધ :**

**સામાવાળાઓ :(૧) નિલકંઠ ફેબ,**
ઠે.પ્લોટ નં.૪૩૦૫/૨૦, રોડ નં.૪, જી.આઈ.ડી.સી.સચીન,
સુરત–૩૯૪૨૩૦.
**માલિક અશોકભાઈ તથા વિશાલભાઈ**

**(૨) શ્રી સાંઈ ગણેશ એન્જીનીયરીંગ**
ઠેકાણુ : પ્લોટ નં.જે/૧,જે/૨, સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
ઉધના, સુરત–૩૯૪૨૧૦.
**માલિકશ્રી રાજેન્દ્ર જગન્નાથ બેડસે**

**હાજર રહયા :** અરજદાર તરફે : યુનિ.પ્રતિનિધિશ્રી રવિભાઈ ચૌધરી
સામાવાળા નં.૧ તરફે : જાતે
સામાવાળા નં.ર તરફે : વિ.વ.શ્રી યશવંતસિંહ બી. રાઠોડ

**બાબત :– પગાર ચુકવણી ધારાની કલમ ૧૫ મુજબની અરજી.**

**:: ચુકાદો ::**

**(૧)** આ કામના અરજદારે પગારધારાની કલમ–૧૫ મુજબ અરજી કરી સામાવાળા પાસેથી અરજીના પેરા–૪ માં દર્શાવ્યા મુજબ બાકી પગાર તથા અન્ય કાયદેસરના લેણાની માંગણી કરેલ હતી.

**(૨)** સદર કામે સામાવાળા નં.૧ અને ૨ ને ધોરણસરની નોટીસની બજવણી થતા આ કામે સામાવાળા નં.ર તરફેથી આંક–૮ થી વકીલાત પત્ર રજુ થયેલ છે. પરંતુ આ કામે સામાવાળા નં.૧ હાજર નહી થતાં અરજદાર તરફેથી આ કામે આંક–૬ થી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવા સારૂ અરજી રજુ કરતા જે લગત મારા પુરોગામીશ્રીએ હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરેલ છે.

**(૩)** સદર કામ અરજદારના પુરાવા પર આવતા અરજદાર તરફેથી તેની અરજીના સમર્થનમાં કોઈ પુરાવો રજુ રાખેલ ન હોઈ તેમજ સામાવાળા નં.૧ અને ૨ તરફે પણ તેના પુરાવાના સ્ટેજે કોઈ હાજર થઈ કોઈ પુરાવા રજુ ન કરતા સદર કામે જે તે સમયે પ્રોસીડીંગ લગત હુકમ કરી બન્ને પક્ષકારોનો પુરાવાનો હકક બંધ કરેલ છે.

**(૪)** ત્યારબાદ સદર કામ દલીલ ઉપર આવતા બન્ને પક્ષકારો તરફે કોઈ હાજર થઈ રજુઆત કરેલ ન હોઈ જેથી સદર કામે પ્રોસીડીંગ્સ લગત બન્ને પક્ષકારોની દલીલનો હકક બંધ કરેલ છે.

**(૫)** આ કામે રેકર્ડ પરની હકીકત ઘ્યાને લેતાં આ અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**::મુદ્દા::**

**(૧)** શું અરજદાર સાબિત કરે છે કે**,** તેઓ સામાવાળાઓ પાસેથી આંક–૧ ની અરજીમાં જણાવેલી લેણી રકમ મેળવવા તથા માંગ્યા મુજબની અન્ય દાદ મેળવવા હકકદાર છે ?

**(૨)** શું હુકમ.

ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણય ::**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

**મુદ્દા નં.૧–**

**(૬)** સદર કામે અરજદારે હાલની અરજી પગાર ધારાની કલમ–૧૫ અન્વયે કરેલ હોઈ જે સંદર્ભે જોઈએ તો અરજદાર ઘ્વારા પોતાની અરજીના સમર્થનમાં કોઈપણ પ્રકારનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ હોઈ કે સોગંદ ઉપર જુબાની આપેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી. તેમજ સદર કામે પ્રોસીડીંગ્સ લગત અરજદારનો પુરાવાનો હકક બંધ કરેલ છે અને ત્યારબાદ સદર

કામે અરજદાર તરફે હાજર થઈ પોતાનો પુરાવો ખોલાવેલ હોઈ કે પુરાવો રજુ કરવાનો પ્રયત્ન કરેલ હોઈ તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ ન હોય, તેમજ અરજદાર દ્વારા તેની હાલની અરજીમાં માંગેલ રકમ સંદર્ભેની તેની પાસે કોઈ હુકમ કે એવોર્ડ હોય તે સંદર્ભેના પણ કોઈ પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ હોય તેવુ રેકર્ડ વંચાણે લેતા જણાઈ આવતુ નથી અને કહેવાતી રકમ મેળવવા માટે કામદારની તરફેણમાં હકક પ્રસ્થાપિત થયેલ હોય તે સંદર્ભેના પણ કોઈ પ્રથમ દર્શનીય પુરાવા પણ તેની અરજી સાથે કે ચાલતા કામે રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ ન હોય, આમ ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતો ધ્યાને લેતા અરજદાર દ્વારા તેઓની આંક–૧ ની અરજીમાં જણાવેલ રકમ સામાવાળા પાસેથી મેળવવા તેઓ હકકદાર હોવાનું સાબિત કરી શકેલ ન હોવાનુ અત્રેની કોર્ટનું નમ્ર પણે માનવાનુ થાય છે. જેથી હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.** અરજદારની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ર.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.ર૧ મી, માહે–ઓગષ્ટ, ર૦ર૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખ : ૨૧/૦૮/૨૦૨૫**
**સુરત.**

**(હિતેન્દ્રભાઈ કરશનભાઈ મેરીયા)**
**ઓથોરીટી,**
**વેતન ચુકવણી અધીનીયમ,**
**મજુર અદાલત નં.ર, સુરત.**
**(CODE NO GJ01279)**